A

Meaning Book

OF

ll the words with grammars and translation of every sentence occurring of the first Course

By

V. H. Mehta,

Prepared & Published

By

Shah Somechand Sankalchand.

Assistant teacher

A. V. School—Dehgam,

Books 500— —1919

Price 4 Ana's

A

Meaning Book

OF

All the words with grammars and translation of every sentence occurring of the first Course

By

V. H. Mehta,

Prepared & Published

By

Shah Somechand Sankalchand.

Assistant teacher

A. V. School—Dehgam.



Printed at Jain Vidhya Vijay printing Press

By Popatlal Amthasha—Ahmedabad.

Books 500— —1919

પહેલી.	બીજી.	ત્રીજી.	ચોથી.	નામ.	ઉચ્ચાર.
A	a	A	a	એ	અ, આ, ઍ, ઑ, એ.
B	b	B	b	બી	બ.
C	c	C	c	સી	ક, સ.
D	d	D	d	ડી	ડ.
E	e	E	e	ઈ	એ, ઇ, અ.
F	f	F	f	ઍફ઼	ફ઼.
G	g	G	g	જી	ગ, જ.
H	h	H	h	અચ	હ.
I	i	I	i	આઇ	ઇ, આઇ, અ.

J	j	J	j	જે	જ.
K	k	K	k	કે	ક.
L	l	L	l	ઍલ	લ.
M	m	M	m	ઍમ	મ.
N	n	N	n	ઍન	ન.
O	o	O	o	ઓ	અ, ઑ, ઓ, ઊ, ઉ.
P	p	P	p	પી	પ.
Q	q	Q	q	ક્યુ	ક્વ, ક.
R	r	R	r	આર	ર.
S	s	S	s	ઍસ	સ, ઝ.

T	t	*T*	*t*	ટી	ત, ટ.
U	u	*U*	*u*	યુ	અ, ઊ, ઊં, ય.
V	v	*V*	*v*	વી	વ, વ્હ.
W	w	*W*	*w*	ડબલ્યુ	વ, ઊ.
X	x	*X*	*x*	એક્સ	ક્સ.
Y	y	*Y*	*y*	વાય	ઇ, ય.
Z	z	*Z*	*z*	ઝેડ	ઝ.

a, e, i, o, u. એ પાંચ સ્વરો છે, બાકીના વ્યંજન છે.
w, y અર્ધસ્વરો છે.

[પાઠ] Lesson I st

What-વૉટ-શું
Is-ઈઝ-છે
This-ધીસ-આ
That-ધેટ-તે
A-એ-એક

Book-બુક-પુસ્તક
Table-ટેબલ-મેજ
Not-નૉટ-નહી
Pen-પેન-કલમ
Ghair-ચેર-ખુરશી

(1) આ શું છે ?
(2) તે શું છે ?
(3) શું આ પુસ્તક છે ?
(4) શું તે મેજ છે ?
(5) શું આ કલમ નથી ?
(6) શું તે ખુરશી નથી ?

નોંધ—સ્વાલ પૂછવામાં કર્તા પહેલાં ક્રિયાપદ આવે છે Isthisapen.

Lesson II nd.

Are-આર-છે [બહુવચન]
These-ધીઝ-આ [„]
Those-ધૉઝ-તે [„]
નોંધ—એકવચનને S લાગતાં બહુવચન થાય છે.
Stocls, Books.

Desks Chairs.
Show-શૉ-બતાવવું
Me-મી-મને
Your-યૉર-તમારી
Cap-કેપ-ટોપી
Desk-ડેસ્ક-મેજ

(1) આ શું છે?
(2) તે શું છે ?
(3) શું આ ખુરશીઓ છે ?
(4) શું તે ઢળતાં મેજ છે ?
(5) શું આ મેજ નથી ?
(6) શું તે ચોપડીઓ નથી?
(7) મને તમારી ટોપી બતાવો.

Lesson III

You–યુ–તમે
Man–મૅન–માણસ
Am–ઍમ–છું
I–આઇ–હું
Boy–બૉય–છોકરો
Raman–રમણ–નામ છે
Girl–ગર્લ–છોડી
He–હી તે [નર]
We–વી અમે આપણે
Men–મૅન–માણસો
Seeta–સીતા–નામ છે
She–શી તેણી [નારી]
A Woman–એ વુમન–બાયડી
It–ઇટ–તે [નાન્ય]
Pencil–પૅન્સીલ–સીસાપેન

(1) શું તમે માણસ છો ?
(૨) શું હું છોકરો છું ?
(3) શું રમણ છોડી છે ?
(4) શું તે છોકરો છે ?
(5) શું આપણે માણસો છીએ ?
(6) સીતા છોડી છે. તે બાયડી નથી.
(7) આ કલમ છે. તે સીસાપેન નથી.

Lesson IV

Have–હૅવ–ની પાસે હોવું પહેલો પુરૂષ. એકવચન, બહુવચન. બીજો અને ત્રીજો પુરૂષ બહુ વચન.
Has–હૅઝ–ની પાસે છે. ત્રીજો પુરૂષ એકવચન
A Watch–વૉચ–ઘડીયાળ
A Box–બૉક્ષ–પેટી
Rings–રીંગ્ઝ–વીંટીઓ
The–ધી–તે
Floor–ફ્લોર–જમીન

(1) તમારી પાસે શું છે?
(2) મારી પાસે શું છે ?
(3) તેની પાસે શું છે?
(4) શું મારી પાસે ઘડીયાળ છે?
(5) શું તમારી પાસે પેટી છે ?
(6) શું તેની પાસે ખુરશી છે?
(7) શું આપણી પાસે વીંટીઓ છે?
(8) મને જમીન બતાવો.

Lesson V

Where-વૅર-ક્યાં
Picture-પીક્ચર-ચિત્ર
How many-હાઊમૅની કેટલી [વીશેષણ]
Who-હુ-કોણ
Whose-હુઝ-કોયું
Black-બ્લેક-કાળી
Ratanlal-રતનલાલ
Father-ફાધર-બાપ

(1) તમારી ટોપી ક્યાં છે ?
(2) ચિત્ર ક્યાં છે ?
(3) તમારી પાસે કેટલી સીસાપેન છે?
(4) કોની પાસે કલમ છે ?
(5) કોની ટોપી કાળી છે?
(6) રતનલાલ કોણ છે ?
(7) તમારા બાપા શું કરે છે ?

Lesson VI

On-ઑન-ઊપર
Bottles-બૉટલ્સ-શીશીઓ
Between-બીટવીનની વચ્ચે

(1) ચોપડી ક્યાં છે ?
(2) સીસાપેનો ક્યાં છે ?
(3) શું આ ચોપડીઓ પેટીમાં છે ?
(4) પેટી ઊપર શું છે ?
(5) શીશીઓ શાના ઊપર છે ?
(6) શું પેટી મેજ અને ખુરશી વચ્ચે છે?

Lesson VII

Sitting-સીટીંગ-બેઠેલો
Doing-ડુઈંગ-કરતો
Put-પુટ-મુકવું
In-ઇન-અંદર
Pocket-પૉકેટ-ગજવું
Take-ટેક-લેવું
From-ફ્રૉમ-માંથી
Satchel-સૅચેલ-દફતર
Open-ઓપન-ઊઘાડવું
Mend-મૅન્ડ-ઘડવું
Do-ડુ-કરવું

નોંધ—આજ્ઞા, હુકમ, વિનંતિ વીગેરેમાં ક્રિયાપદ પહેલું આવે છે Do એ સહાયકારક ક્રિયાપદ તરીકે વપરાય છે

(1) શું છોકરો બેઠો છે ?
(2) આ છોકરો શું કરે છે ?
(3) તમારી કલમ તમારા ગજવામાં મુકો.
(4) તમારા દફતરમાંથી એક ચોપડી લ્યો
(5) તમારી ચોપડીઓ ઊઘાડો
(6) તમારી સીસાપેનો ઘડો
(7) તમે શું કરો છો ?

Lesson VIII

Of-ઑફ-નું
Cat-કૅટ-બીલાડી
Standing-સ્ટેન્ડીંગ-ઊભેલાં
Horns-હૉર્ન્સ-શીંગડાં
Dog-ડૉગ-કુતરો
Hoofs-હુફ્સ-ખરીઓ
Horses-હૉર્સીઝ-ઘોડા
Sheep-શીપ-ઘેટાં એક+બહુવચન
Goats-ગોટ્સ-બકરા

(1) આ ચિત્રમાં શું છે ?
(2] આ ચિત્ર શાનું છે ?
(3) બીલાડી શું કરે છે ?
(4) શું બધાં ઘેટાં ઊભાં છે?
(5) કોને શીંગડાં છે
(6) કુતરાને ખરીઓ છે ?
(7) કુતરા, ઘેટાં, ઘોડાં અને બકરાં શું છે ?

નોંધ—ક્રિયાપદને Ing પ્રત્યય લાગે છે ત્યારે વર્તમાન કૃદંત થાય છે. જેમકે Eating–ખાતો Sitting–સીટીંગ–બેસતો.

Lesson IX

First–ફર્સ્ટ–પહેલું
Tiger–ટાઇગર–વાઘ
His–હીઝ–તેના
Mouth–માઊથ–મોં
Second–સૅકન્ડ–બીજું
Give–ગીવ–આપવું
Cow–કાઊ–ગાય
Colour–કલર–રંગ
Third–થર્ડ–ત્રીજો
Lion–લાયન–સિંહ
Stripes–સ્ટ્રાઈપ્સ–અટાપટા
Eating–ઇટીંગ–ખાય છે
Something–સમથીંગ–કંઈ

(1) તમે પહેલા ચિત્રમાં શું જુવો છો ?
(2) વાઘ ક્યાં ઊભો છે ?
(3) તેના મોંમાં શું છે ?
(4) શું બીજા ચિત્રમાં ઘોડો છે ?
(5) ગાયને શીંગડાં છે ? તે શું આપે છે ?
(6) માણસ શું કરે છે ? તેની પાસે શું છે ?
(7) તે ક્યાં બેઠો છે ?

(8) ગાયનો કયો રંગ છે ?
(9) ત્રીજા ચિત્રમાં આપણી પાસે વાઘ છે ?
(10) શું સિંહને અટાપટા છે ? તે ક્યાં છે?
(11) શું તે કંઈ ખાય છે ?

Lesson X

Look—લુક—જોવું.
At—ઍટ—તરફ.
Picture—પીક્ચર—ચીત્ર.
How—હાઊ—કેવી.
Nice—નાઈસ—સુંદર.
Trees—ટ્રીઝ—ઝાડ.
A Garden—ગાર્ડન—વાડી.
Flowers—ફ્લાવર્સ—ફુલ.
Benches—બે-ચીઝ—પાટલીઓ.
There—ધેર—ત્યાં
A Fountain—ફાઊન્ટન—ફુવારો
On—ઑન—ઊપર
Left—લેફ્ટ—ડાબી
Hand—હૅન્ડ—હાથ
Side—સાઇડ—બાજુ
Gardener—ગાર્ડનર—માળી
Watering—વૉટરીંગ પાણી પાય છે
Plants—પ્લૅન્ટસ—રોપા
Right—રાઇટ—જમણો
Big—બીગ—મોટું
Birds—બર્ડ્ઝ—પક્ષીઓ
Branches—બ્રૅન્ચીઝ—ડાળીઓ
Behind—બીહાઇન્ડ—પાછળ
River—રીવર—નદી
With—વીથ—સાથે
Bridge—બ્રીઝ—પુલ
Over—ઓવર—ઊપર
Small—સ્મૉલ—નાનું
House—હાઊસ—ઘર
Made—મેઇડ—બનાવ્યું
Bamboo—બૅમ્બુ—વાંસી
Cage—કેઇઝ—પાંજરૂ
Near—નીઅર—પાસે
Iron—આયર્ન—લોખંડ

Wood-વુડ-લાકડું
Railings-રેઇલીંગ્ઝ-સળીઆ
Front-ફ્રન્ટ-બહારની બાજુ
Gate-ગેટ-દરવાજો

Middle-મીડલ-મધ્ય
Half-હાફ-અડધું
Open-ઓપન-ઉઘાડું

(1) આ ચિત્ર તરફ જુવો
(2) વાડી કેવી સુંદર દેખાય છે?
(3) આપણે વાડીમાં ઝાડ, ફુલ, અને બેઠકો જોઇ શકીએ છીએ.
(4) ત્યાં એક ફુવારો પણ છે
(5) આપણી ડાબા હાથની બાજુપર માળી ઉભો છે
(6) તે રોપાને પાણી પાય છે
(7) આપણી જમણી તરફ એક મોટું ઝાડ છે
(8) ડાળીઓ ઉપર પક્ષીઓ બેઠાં છે
(9) ઝાડની પાછળ જેના ઉપર પુલ છે તેવી નદી છે
(10) તમે વાડીમાં નાનું ઘર જોઇ શકોછો?
(11) તે વાંસનું બનાવેલું છે
(12) આ ઘરની પાસેના પાંજરામાં એક સિંહ અને એક વાઘ છે
(13) પાંજરૂં લોખંડ અને લાકડાનું બનેલું છે
(14) વાડીને આગળ સળીઆ છે
(15) સળીઆની વચમાં એક દરવાજો છે
(16) તે અડધો ઉઘાડો છે

Lesson XI

Here—હીઅર—અહીંઆં
A temple—ટૅમ્પલ—દેવળ
Not—નૉટ—નહિ
An—ઍન—એક
English—ઇંગ્લીશ—અંગ્રેજી
Church—ચર્ચ—દેવળ
Built—બીલ્ટ—બાંધેલું
Stone—સ્ટોન—પત્થર
Brick—બ્રીક—ઈંટ
Stands—સ્ટૅન્ડઝ—ઊભેલું છે
One—વન—એક
Tank—ટૅન્ક—તળાવ
Idol—આઇડૉલ—મૂર્તિ
People—પીપલ—લોકો
Worship—વરશીપ—ભજવું
Corner—કૉર્નર—ખૂણો
Bell—બેલ—ઘંટ
Go—ગો—જવું
To—ટુ—તરફ
Take off—ટેક્‌ઑફ—લઇ જવું
Turban—ટર્બન—પાઘડી
Ring—રીંગ—વગાડવું

And—ઍન્ડ—અને
Then—ધેન—પછી
Make—મેઇક—કરવું, બનાવવું
A Bow—બાઊ—વંદના
Some—સમ—કેટલાક
Say—સે—કહેવું
Prayers—પ્રેયર્સ—પ્રાર્થના
As—ઍઝ—જેવા
They—ધે—તેઓ
Bathing—બેધીંગ—નહાતા
Woman—વુમન—સ્ત્રી
Washing—વૉશીંગ—ધોતી
Clothes—ક્લોધઝ—કપડાં
Filling—ફીલીંગ—ભરતી
Her—હર—તેણીનો
Pot—પૉટ—ઘડો
With—વીથ—વડે
Water—વૉટર—પાણી
Boys—બૉયઝ—છોકરા
Top—ટૉપ—ટોચ
Steps—સ્ટૅપ્સ—પગથીઆં
Selling—સેલીંગ—વેચે છે

(1) અહીંઆં તમારી પાસે દેવળનું એક ચિત્ર છે
(2) તે અંગ્રેજી દેવળ નથી
(3) દેવળ પત્થર અને ઈંટોથી બાંધ્યું છે
(4) તે તળાવની એક બાજુએ ઊભું છે
(5) દેવળમાં મૂર્તિ છે
(6) લોકો મૂર્તિની પુજા કરવા જાય છે
(7) ખૂણામાં તમે ઘંટ જોઈ શકશો
(8) જ્યારે તમે દેવળમાં જાઓ છો, ત્યારે તમે તમારી ટોપી અથવા પાઘડી ઊતારો છો, ઘંટ વગાડો છો અને પછીથી મૂર્તિને વંદના કરોછો.
(9) કેટલાક લોક નમસ્કાર કરે છે ત્યારે પ્રાર્થના બોલે છે.
(10) લોકો તળાવમાં નહાય છે.
(11) એક સ્ત્રી લૂગડાં ધુવે છે, અને એક પોતાનો ઘડો પાણીથી ભરે છે.
(12) બે છોકરાઓ પગથીઆની ટોચ ઊપર બેઠા છે.
(13) તેઓ પુલ વેચે છે.

Lesson XII

A house—હાઊસ—ઘર
Shows—સોઝ—બતાવે છે
Us—અસ—આપણને
Can—કૅન—શકવું
Only—ઓન્લી—ફક્ત
Round—રાઉન્ડ—આજુબાજુ
Inside—ઇન્સાઇડ—અંદરની બાજુ
Banana—બનાના—સોનેરી કેળાં
Is closed—ઇઝ ક્લોઝ્ડ બંધછે
Verandah—વરન્ડા—આંગણું

A mat–મૅટ–સાદડી
Near–નીઅર–નજીક
A bed–એડ–પથારી
Is lying ઇઝલાઇંગ–પડેલો છે
Perhaps–પરહૅપ્સ–કદાચ
Sleeping–સ્લીપીંગ–ઊંઘતો
A Hindu–હીન્દુ
Door–ડોર–બારણું
Windows–વીન્ડોઝ–બારીએ

No one–નોવન–કોઇ નહિ
Other–અધર–બીજી
A European–એ યુરોપીઅન યુરોપનો રહેવાશી
Little–લીટલ–નાની
Girl–ગર્લ–છોકરી
Knitting–નીટીંગ–ગુંથતી
Roof–રૂફ–છાપરૂં
Tiles–ટાઇલ્સ–નળીઆં

(1) આ ચિત્ર આપણને ઘર બતાવે છે
(2) આપણે ફક્ત બે બાજુઓ જોઇ શકીએ છીએ
(3) તેની આજુબાજુ નાની વાડી છે
(4) સળીઆની અંદર ફુલનાં વાસણ અને સોનેરી કેળાંનાં ઝાડ છે
(5) દરવાજો બંધ છે.
(6) ઘરને આંગણું છે.
(7) ત્યાં એક સ્ત્રી સાદડી ઊપર બેઠી છે.
(8) તેની નજીક પથારી છે.
(9) એક માણસ પથારી પર સુતો છે.
(10) કદાચ તે સુતો છે.
[11] સ્ત્રી હીંદુ બાયડી છે.
[12] ત્યાં એક બારણું અને બે બારીએ છે, પણ ત્યાં કોઇ ઊભુ
[13] બીજી બાજુએ એક માણસ પગથીઆં ઊપર થઇને જાય છે.
[14] તે યુરોપનો રહેવાશી છે.

[15] એક નાની છોડી એક બારી ઊપર ઊભી છે અને કંઈ ગુંથે છે.
[16] તે શું છે તે તમે કહી શકશો ?
[17] બીજી બારીએ ઊભેલો માણસ કોણ છે ?
[18] ઘરને છાપરૂં છે.
[19] છાપરા ઊપર નળીઆં છે.

Lesson XIII

India-ઇન્ડીઆ-હીન્દુસ્થાન
A map-મૅપ-નકશો
A top-ટૉપ-ટોચ
North-નૉર્થ-ઊત્તર
Bottom-બૉટમ-તળીઊં
South-સાઊથ-દક્ષીણ
West-વેસ્ટ-પશ્ચીમ
East-ઇસ્ટ-પૂર્વ
Left-લેફ્ટ-ડાબી
Right-રાઇટ-જમણી
Arabian-અરેબીઅન-અરબી
Sea-સી-સમુદ્ર
Bay-બે-અખાત
Bengal-બૅંગાલ-બંગાળા
Ceylon-સીલોન-સીલોન દેશનું નામ છે.
Many-મૅની-ઘણા
Parts-પાર્ટસ-ભાગ
Read-રીડ-વાંચવું
Names-નેઇમ્સ-નામ
Country-કન્ટ્રી-દેશ
Water-વૉટર-પાણી
Three-થ્રી-ત્રણ
Therefore-ધેરફૉર તેથી
Peninsula-પૅનીન્સ્યુલા દ્વિપકલ્પ
Island-આઇલૅન્ડ-બેટ
People-પીપલ-લોક
Rulers-રૂલર્સ-રાજ્યકર્તા
They-ધે-તેઓ
Rule-રૂલ-રાજ્ય કરવું
Rule-રૂલ-રાજ્ય (નામ)
Wisely-વાઇઝલી-ડહાપણથી

Well-વૅલ-સારી રીતે
Some-સમ-કેટલાક
Belong-બીલૉંગ-નાકઅજે હોવું
Indian-ઇન્ડીઅન-હિંદુસ્તાનના
Princes-પ્રીન્સીઝ-રાજાઓ
Mysore-માઇસોર
Hyderabad-હાઇદ્રાબાદ
Baroda-બરોડા-વડોદરા
Call-કૉલ-બોલાવવું
Rajas-રાજાઝ-રાજા
Maharajas-મહારાજાઝ-મહારાજા
Also-ઑલ્સો-વળી
Their-ધેર-તેમના

[1] અહીંઆં હીંદુસ્તાનનો નકશો છે.
[2] નકશામાં ટોચ ઊત્તર છે, તળીઊં દક્ષીણ છે.
[3] આપણી ડાબી બાજુ પશ્ચીમ છે.
[4] આપણી જમણી બાજુ પૂર્વ છે.
[5] તમે અરબી સમુદ્ર જોઇ શકોછો ?
[6] તે ક્યાં છે?
[7] બંગાળાનો અખાત ક્યાં છે ?
[8] સીલોન ક્યાં છે?
[9] નકશો આપણને હિંદુસ્તાનના ઘણા ભાગ બતાવે છે.
[10] તમે આ ભાગનાં નામ નકશા ઊપર વાંચી શકશો.
[11] હીંદુસ્તાન દેશ છે.
[12] તેની ત્રણે બાજુ પાણી છે.
[13] તેથી તે દ્વિપકલ્પ છે.
[14] તે બેટ નથી.
[15] બેટને ચારે બાજુ પાણી હોય છે.
[16] સીલોન એ બેટ છે.

[17] અંગ્રેજ લોકો હિંદુસ્તાનનારાજ્યકર્તા છે.

[18] તેઓ લોકો ઉપર ડહાપણથી અનેસારી રીતે રાજ્ય કરે છે.

[19] માઈસુર, હઇદ્રાબાદ અને વડોદરા જેવા કેટલાક ભાગ હીંદુ-
સ્તાનના રાજાને તાબે છે.

[20] આપણે તેમને રાજા અથવા મહારાજા કહીએ છીએ.

[21] તેઓ પણ તેમના લોક તરફ સારી રીતે ડહાપણથી રાજ્ય કરેછે.

Lesson XIV

Another–અનધર–બીજો
Chief–ચીફ–મુખ્ય
Towns–ટાઊન્સ–શહેરો
Rivers–રીવર્સ–નદીઓ
Mountains–માઊંટેઇન્સ–ડુંગરો
Thin–થીન–પાતળી
Lines–લાઇન્સ–લીટીઓ
Black–બ્લેક–કાળા
Dots–ડૉટસ–મીંડાં
Delhi–ડેલ્હી–દિલ્હી
Point-out–પૉઇન્ટ આઊટ–બતાવવું
Cawnpore–કાનપુર
Bombay–બૉમ્બે–મુંબાઈ
Surat–સુરત

Narbada–નરબદા
Use–યુઝ–ઉપયોગ
Make–મેઇક–કરવું
Other–અધર–બીજી
Look–લુક–દેખાવું
Like–લાઇક–જેવું
Worms–વૉર્મ્સ–કીડા
Mean–મીનનેનો અર્થ હોવો
Hindukush–હીંદુકુશ
Karakoram–કારાકોરમ
Himalaya–હીમાલય
All–ઑલ–બધા
Hills–હીલ્સ–ટેકરા
Ghats–ઘાટસ–ઘાટ

[1] આ હીંદુસ્તાનનો બીજો નકશો છે.
[2] તે આપણને મુખ્ય શહેરો, નદીઓ અને પર્વતો બતાવે છે.
[3] અહીંઆં ઘણી પાતળી લીટીઓ છે.
[4] તમે તેમને જોઈ શકોછો ?
[5] આ નદીઓ છે.
[6] આવી લીટીઓ નદીઓ બતાવે છે.
[7] તમે કાળાં મીંડાં જોઇ શકોછો ?
[8] આ આપણને શહેરો બતાવે છે.
[9] આ મીંડાં નજીક શહેરનાં નામ છે.
(10] દિલ્હી ક્યાં છે તે તમે કહી શકશો ?
[11] તમે કાનપુર, મુંબાઇ અને સુરત બતાવી શકશો ?
[12] દિલ્હી શું છે ?
[13] નરબદા શહેર છે ?
[14] આપણે નદીના પાણીનો શો ઉપયોગ કરીએ છીએ.
[15] તમે આ બીજી લીટીઓ જોઇ શકોછો ?
[16] તેઓ કીડા જેવી દેખાય છે.
[17] તેઓ પર્વતો બતાવે છે.
[18] તમે નકશા ઊપર હીંદુકુશ, કારાકોરમ, અને હીમાલયનાં નામ વાંચી શકશો.
[19] તેઓ બધા પર્વતો છે.
[20] ત્યાં બીજા પર્વતો અને ટેકરીઓ છે.
[21] ઘાટસ પણ ટેકરીઓ છે.

Lesson XV

Tne post office–પોસ્ટઑફીસ ટપાલ
Minocher–માઇનોચેર
A book–બુક–ચોપડી
Why–વાય–શા માટે
Doing–ડૂઇંગ–કરતો
Going–ગોઇંગ–જતો
To take–ટેઇક–લેવું
Postman–પોસ્ટમૅન–ટપાલવાળો
Always–ઑલ્વેઝ–હમેશાં
Letters–લૅટર્સ–કાગળો
Facher–ફાધર–બાપ
Sometimes–સમટાઇમ્સ–કેટલીક વખત
Tells–ટૅલ્સ–કહે છે
My boy–માયબૉય–મારા છોકરા
To post–પોસ્ટ–નાંખવું
Goes off–ગોઝ ઑફ એકદમ જાય છે
Puts–પુટસ–મૂકે છે
Letter box–લેટરબોક્ષ–કાગળ નાંખવાની પેટી
To Stop–સ્ટોપ–થોભવું

To play–પ્લે–રમવું
Resurns–રીટર્નસ–પાછો વળે છે
Quickly–ક્વીક્લી–તરતજ
Home–હોમ–ઘર
To send–સેન્ડ–મોકલવું
Parcels–પાર્સલ્સ–પાર્સલ્સ
Our–અવર–આપણા
Friends–ફ્રેન્ડઝ–મિત્રો
Relations–રીલેશન્સ–સગાંવહાલાં
Money–મની–પૈસા
Savings–સેવીંગ્ઝ–બચત
Bank–બૅન્ક–પૈસા મૂકવાની પેઢી
To deposit–ડીપોઝીટ–મુકવું
To keep–કીપ–રાખવું
Safe–સેઇફ–સહી સલામત
For–ફૉર–માટે
When–હ્વેન–જ્યારે
Want–વૉન્ટ–જરૂર હોવી
Does–ડઝ–કરે છે,
How–હાઉ–કેવી રીતે
Receive–રીસીવ–મેળવવું.
Several–સેવરલ–ઘણાક
Men–મેન–માણસો

Each-ઇચ-દરેક
City-સીટી-શહેર
Beat-બીટ-ફેરી (ના.)
A Mahomedan-મહોમેડન-મુસલમાન
A Box-બૉક્સ-પેટી
Cards-કાર્ડ્ઝ-પત્તાં
Envelopes-ઍનવેલોપ્સ-પાકીટો
Stamps-સ્ટેમ્પ્સ-સિક્કા
To Sell-સેલ-વેચવું
Mustમસ્ટ-જોઇએ

Before-બીફોર-પહેલાં
Window-વીન્ડો-બારી
Words-વર્ડ્ઝ-શબ્દો
Telegraph-ટૅલીગ્રાફ-તાર
Telegrams-ટૅલીગ્રામ્સ-તાર
To know-નો-જાણવું
London-લન્ડન-વિલાયત
A few-એ ફ્યુ-થોડાજ
Hours-અવર્સ-કલાક
Wonderful-વન્ડરફુલ-અજાયબ પમાડે તેવુ

[1] આ તેના હાથમાં ચોપડી સાથે છે.
[2] તે અહિં શા માટે છે ?
[3] તે શું કરે છે ?
[4] તે ટપાલવાળા પાસેથી કાગળ લેવા જાય છે.
[5] તે પોતાના કાગળો લેવાને હમેશાં ટપાલમાં જાય છે.
[6] મારા છોકરા જા અને આ કાગળ ટપાલમાં નાંખી આવ. એવું તેનો બાપ કેટલીક વખત કહે છે.
[7] તું જઇશ ?
[8] પછીથી તે તરતજ જાય છે. અને પેટીમાં કાગળ નાંખે છે.
(9) તે રમવા ઉભો રહેતો નથી પણ જલ્દીથી ઘેર પાછો વળે છે.
(10) તમારી ચોપડીમાં આ ચિત્ર ટપાલનું છે.
(11) આપણે ટપાલ ઓફીસમાં શું કરી શકીએ છીએ ?

(12) આપણે આપણા મિત્રો અને સગાંને કાગળો અને પારસલો મોકલી શકીએ છીએ.

(13) વળી આપણે પૈસા પણ મોકલી શકીએ છીએ.

[14] ટપાલ ઓફીસ સાથે એક પૈસા બચાવવાની પેઢી પણ છે

[15) તમે તમારા પૈસા બૅન્કમાં મૂકી શકો.

(16) ટપાલ માસ્તર પૈસા લે છે અને તમારે સારૂ સહી સલામત રાખે છે.

(17) જ્યારે તમારે પૈસા જોઇએ ત્યારે તમે ટપાલ ઑફીસમાં જઈ શકો છો અને ટપાલ માસ્તર તમને પૈસા આપે છે.

[18] જેવી રીતે કરે છે તેવી રીતે સઘળા લોકો ટપાલ લેવા ત્યાં જાય છે.

[19] ના; ત્યારે લોકો પોતાના કાગળ કેવી રીતે મેળવે છે.

[20] ત્યાં ઘણા ટપાલી હોય છે.

(21) દરેક જણ શહેરના એક એક ભાગમાં જાય છે, અને લોકોને તેમના કાગળો અને પારસલો આપે છે.

(22) શહેરનો આ ભાગ તે નોકરો છે.

[23] તમે એક મુસલમાનને આંગણામાં બેઠેલો જુવો છો ? તેની પાસે પેટી છે. પેટી ઉઘાડી છે તેમાં પત્તાં પરબીડીઆં, અને ટીકીટો છે, તે આ બધુ લોકોને વેચે છે. તમારે કાગળ ટપાલમાં નાંખ્યા પહેલાં, તેના ઉપર ટીકીટો ચોઢવી જોઇએ. બારી ઉપર આપણે "તાર ઑફીસ શબ્દ વાંચીએ છીએ તે શું છે ? આપણે ત્યાંથી આપણા મિત્રો અને સગાંને તાર મોકલી શકીએ છીએ. તમે જાણો છો કે, આપણે તાર વિલાયત ફક્ત થોડા કલાકમાં મોકલીએ છીએ. શું તે અજાયબ નથી ?

Lesson XVI

The Sun-સન-સૂર્ય
Rising-રાઇઝીંગ-ઊગતો
To rise-રાઇઝ-ઊગવું
To set-સેટ-આથમવું
Light-લાઇટ-અજવાળુ
Morning-મૉર્નીંગ-સવાર
High up-હાઇઅપ-ઊંચો
Sky-સ્કાય-આકાશ
Noon-નુન-બપોર
Down-ડાઉન-નીચે
Evening-ઇવનીંગ-સાંજ
After-આફ્ટર-પછીથી
Dark-ડાર્ક-અંધારૂં
Night-નાઇટ-રાત્રિ
Only-ઓન્લી-ફક્ત
more-મૉર-વધારે
Something-સમથીંગ-કંઇપણ
to shine-શાઇન-પ્રકાશવું
To live-ટુ લીવ-રહેવું
Plants-પ્લૅન્ટસ-રોપા
Rain-રેઈન-વરસાદ
Rainy-રેઈની-વરસાદવાળી
Season-સીઝન-ૠતુ
Clouds-ક્લાઉડ્ઝ-વાદળાં
To feel-ફીલ-લાગવું
Dull-ડલ-આળસુ
Room-રૂમ-ઓરડી
Watch-વૉચ-જોવું
Result-રીઝલ્ટ-પરિણામ
Leaves-લીવ્ઝ-પાંદડાં
Wither-વીથર-કરમાઇ જવું
To drop off-ટુડ્રૉપઑફ-
Big-બીગ-મોટું
Ball-બૉલ-દડો
Fire-ફાયર-દેવતા
Under-અન્ડર-નીચે
Hot-હૉટ-ગરમ
So-સો-એટલો બધો
Moon-મુન-ચંદ્ર
To come-કમ-આવવું
A lamp-લૅમ્પ-દીવો
A table-ટેબલ-મેજ
To hold-હોલ્ડ-પકડવું
A mirror-મીરર-દર્પણ
Opposite-ઑપોઝીટ-સામી બાજુએ
To reflect-રીફ્લૅક્ટ-પાછું ફેંકવું
Similar-સીમીલર-સરખું
Way-વે-રસ્તો

આ સૂર્ય છે. તે પૂર્વમાં ઊગે છે. અને પશ્ચિમમાં આથમે છે. સૂર્ય આપણને પ્રકાશ આપે છે.

જ્યારે તે ઊગે છે ત્યારે સવાર થાય છે. જ્યારે તે આકાશમાં ઉંચો હોય છે ત્યારે બપોર થાય છે. જ્યારે તે પશ્ચિમમાં નીચે ઉતરે છે ત્યારે સાંઝ થાય છે. પછીથી આપણે તેનું અજવાળું મેળવી શકતા નથી. જ્યારે તે આથમે છે ત્યારે અંધારૂં હોય છે. અને તેને આપણે રાત કહીએ છીએ સૂર્ય આપણને ફક્ત અજવાળુંજ નથી આપતો પણ કંઈ વીશેષ આપે છે. જો સૂર્ય પ્રકાશે નહિ, તો આપણે જીવીએ નહિ, અને રોપા અને ઝાડ ઉગી શકે નહીં. વર્ષા રૂતુમાં જ્યારે વાદળાં સૂર્યનો પ્રકાશ અટકાવે છે ત્યારે આપણે આળસુ લાગીએ છીએ. એક રોપાને અંધારી ઓરડીમાં મૂકો અને પરિણામ જુવો પાંદડાં કરમાઈ જાય છે અને ખરી પડે છે. સૂર્ય દેવતાના મોટા દડા જેવો છે. સૂર્ય નીચે આપણે ગરમ થઈએ છીએ પણ બપોરે તે જેટલો ગરમ થાય છે તેટલો સવારે નથી. જ્યારે રાત પડે છે, ત્યારે ચંદ્ર આપણને અજવાળુ આપે છે. તે સૂર્યની માફક અગ્નિનો દડો નથી. ત્યારે અજવાળું ક્યાંથી આવે છે? તે સૂર્ય પાસેથી આવે છે. સૂર્ય તેનું અજવાળું ચંદ્ર ઉપર ફેંકે છે અને તે ચંદ્ર આપણને આપે છે. મેજ ઉપર દીવો મૂકો દીવાની સામે તમારા હાથમાં દર્પણ ધરો દર્પણ દીવાનું તેજ પાછું ફેંકે છે તેવીજ રીતે ચંદ્ર પણ સૂર્યનુ અજવાળું પાછું ફેંકે છે.

Lesson XVII

To tell–ટેલ–કહેવું
The time–ટાઇમ–વખત
Babu–બાબુ–નામ છે
To ask–આસ્ક–પૂછવું
Dear–ડીઅર–વહાલા
To fetch–ફેચ–લાવવું
A watch–વૉચ–ઘડીઆળ
By–બાય–વડે
White–વ્હાઇટ–સફેદ
Round–રાઉન્ડ–ગોળ
Thing–થીંગ–ચીજ
Dial–ડાએલ–ઘડીયાળનો ગોળભાગ
Figures–ફીગર્સ–આંકડા
Minutes–મીનીટસ
Hours–અવર્સ–કલાક
Day–ડે–દીવસ
Long–લાંગ–લાંબો
Smaller–સ્મોલર–વધારે નાનો
Longer–લોંગર–વધારે મોટો
XII–બાર.
O'clock–ઑકલોક–કલાક
moves–મુવ્ઝ–ફરેછે
Spaces–સ્પેઝીસ–જગા
Past–પાસ્ટ–થઇગયા
Quarter–ક્વૉર્ટર–પા
Half–હાફ–અડધો
Last–લાસ્ટ–છેલ્લું
now–નાઉ–હવે

[1] બાબુના બાપા પુછે છે, " બાબુ કેટલા વાગ્યા છે ? "
[2] તેને બહાર જવું છે.
[3] બાબુ કહે છે " બાપા હું જાણુતો નથી.
[4] વહાલા તું જાણુતો નથી.
[5] ના બાપા, હું જાણુતો નથી.
[6] ત્યારે મને મારી ઘડીઆળ લાવી આપ.
[7] બાબુ તેના બાપાની ઘડીઆળ લાવે છે. અને તેને આપે છે.

[8] તેનો બાપ તે લે છે, અને ઘડીયાળથી વખત કેમ બતાવાય તે બતાવે છે.

[9] તે કહે છે " વહાલા , જો, તું આ ધોળી ચીજ જોઇ શકે છે ? તે ડાએલ છે.

[10] તેના ઉપર કાળા આંકડા લખેલા છે.

[11] તેઓ કલાક બતાવે છે.

[12] આ નાની કાળી લીટીઓ મીનીટ બતાવે છે.

[13] એક કલાકને સાઠ મીનીટ હોય છે.

[14] બાર કલાકનો દીવસ બને છે, અને ચોવીસ કલાકનો રાત્રી દીવસ બને છે.

[15] આ ઘડીઆળના ડંકા છે.

[16] એક નાનો અને બીજો મોટો છે.

[17] નાનો કાંટો કલાક અને મોટો મીનીટ બતાવે છે

[18] જ્યારે મીનીટ કાંટો પાંચ મીનીટ જગા ખસે છે ત્યારે બાર ઉપર પાંચ થઇ છે એમ કહીએ છીએ.

(19) જ્યારે તે ત્રણ ઉપર હોય છે, ત્યારે આપણે તેને બાર ઉ-પર પા કહીએ છીએ.

(20) જ્યારે મીનીટ કાંટો છ ઉપર આવે છે ત્યારે સાડાબાર કહે-વાય છે. કારણ કે ત્રીસ મીનીટ અડધો કલાક કહેવાય છે.

(21) જ્યારે નવ તરફ જાય છે, ત્યારે એકમાં પા ઓછો અથવા પોણો થાય છે.

(22) જ્યારે મીનીટ કાંટો પંદર મીનીટ વધારે ફરે છે ત્યારે ફરીથી બાર વાગે છે ને કલાક કાંટાનો છેલ્લો આંકડો છે

(23) હવે હું આ ઘડીઆળના કાંટા ફેરવું છું તમે મને વખત કહી શકશો ?

(24) બપોરના બારથી રાતના બાર સુધીના કલાકો પી. એમ. કહેવાય છે.

(25) બપોરે બે વાગે બે, પી. એમ કહેવાય છે.

(26) સવારમાં સાત વાગે આપણે સાત એ એમ કહીએ છીએ.

Lesson XVIII

Idle—આઇડલ—આળસુ	Boys—બોયઝ—છોકરા
Indu—ઇન્દુ—નામ છે	Age—એજ—ઉમર
Strange—સ્ટ્રેન્જ—વિચીત્ર	English—ઇંગ્લીશ—અંગ્રેજી
Name—નેઇમ—નામ	To work—વર્ક—કામ કરવું
yes—યસ—હા	About—એબાઉટ—આમતેમ
Indeed—ઇન્ડીડ—ખરેખર	Streets—સ્ટ્રીટસ—પોળ
A meaning—મીનીંગ—અર્થ	In time—ઇન ટાઇમ—વખતસર
A Son—સન—છોકરો	Late—લેઇટ—મોડો
Poor—પુઅર—ગરીબ	To close—કલોઝ—બંધ થવું.
Brahamin—બ્રામીન—બ્રાહ્મણ	Straight—સ્ટ્રેઇટ—સીધો
Widow—વીડો—વીધવા	To loiter—લૉઇટર—અથડાવું
Years—ઇઅર્સ—સાલ	To reach—ટુ રીચ—પહોંચવું
Old—ઓલ્ડ—મોટો	Generaly—જનરલી—ઘણુંકરીને
School—સ્કુલ—નિશાળ	Mother—મધર—મા

To grind-ગ્રાઇન્ડ-દળવું
Corn-કૉર્ન-અનાજ
To Earn-અર્ન-કમાવું.
Bread-બ્રેડ-રોટલો

To help-હેલ્પ-મદદ કરવી.
Naughty-નૉટી-તોફાની
God-ગૉડ-પ્રભુ
To improve-ટુ ઇમ્પ્રુવ-સુધારવું

(1) આળસુ ઇન્દુ.

(2) આ કેવુ વિચીત્ર નામ છે ?

(3) હા નામ ઘણુંજ વિચીત્ર છે. પણ તેનો અર્થ છે.

(4) ઇન્દુ એક ગરીબ બ્રાહ્મણ વિધવાનો છોકરો છે. તે બાર વરસનો છે, તેની ઉમરના છોકરાઓ અંગ્રેજી શીખે છે. તેને કામ કરવું ગમતું નથી. તે ફક્ત પોળમાં આમતેમ રમે છે. તે નિશાળે વખતસર જતો નથી. તે હમેશાં મોડો છે. જ્યારે નિશાળ બંધ થાય છે, ત્યારે તે સીધો ઘેર જતો નથી. તે રસ્તામાં આમતેમ ફરે છે. જ્યારે તે ઘેર પહોંચે છે ત્યારે ઘણું કરીને અંધારૂં હોય છે. તેની મા અનાજ દળે છે, અને પોતાનો રોટલો કમાવાને બીજુ કામ કરે છે. પણ ઇન્દુ તેને મદદ કરતો નથી. તે આવો તોફાની છોકરો છે. જો તે પોતાના પાઠ શીખે, તો વખતસર કેટલાક પૈસા પેદા કરી શકે. પ્રભુ તેને સુધરવાને અને સારો છોકરો કરવાને મદદ કરે.

Lesson IXX

King-કીંગ-રાજા
George-જ્યૉર્જ મહારાજા
Emperor-અમ્પરર-બાદશાહ
England-ઇંગ્લેંડ-વિલાયત
Edward-ઍડવર્ડ
Peace-પીસ-સલાહ
Ago-ઍગો-પહેલાં
Ayodhya-અયોધ્યા
Rama-રામ
Dasharath-દશરથ
Country-કન્ટ્રી-દેશ
Oudh-ઔધ
Wise-વાઇઝ-શાણો
Loved-લાડ-ચાહ્યો
Story-સ્ટોરી-વાર્તા
Went-વૅન્ટ-ગયા
Pupils-પ્યુપીલ્સ-વિદ્યાર્થીઓ
Teachers-ટીચર્સ-શીક્ષકો
Served-સર્વડ-સેવા કરતા
Taught-ટૉટ-શીખવ્યું
Vasistha-વશીષ્ઠ
Learned-લર્નેડ-વિદ્વાન
Pious-પાયસ-પવિત્ર
Besides-બીસાઇડઝ-શિવાય
Language-લૅંગ્વેજ-ભાષા
Queen-ક્વીન-રાણી
Seeta-સીતા
Daughter-ડૉટર-પુત્રી
Janaka-જનક
Mithila-મીથીલા-નગરી
Much-મચ-ઘણું
Dutyful-ડ્યુટીફુલ-ફરજ બજાવવા વાળી
Wife-વાઇફ-વહુ
Kind-કાઇન્ડ-દયાળુ
Noble-નોબલ-ઊમદા

[1] રાજા પાંચમા જ્યોર્જ વિલાયતના રાજા અને હીન્દુસ્તાનના મહારાજા છે. તે હાલ આપણા બાદશાહ તે. તેના પહેલાં તેના બાપ ઍડવર્ડ આપણા બાદશાહ હતા. લોકો તેને સલાહ કરનાર

કહેતા હતા. ઘણા લાંબા વખત પહેલાં હીંદુસ્તાનમાં એક રાજા હતો. તે અયોધ્યામાં રહેતો હતો. તેનું નામ રામ હતું. તેના બાપ દશરથ હતા. અયોધ્યા ક્યાં છે તે તમે જાણોછો ? હાલ આપણે દેશના આ ભાગને ઔધ કહીએ છીએ. રાજા રામ એક ડાહ્યો રાજા હતો. અને તેની રૈયત તેને ચહાતી હતી, કારણ કે તે તેને ચહાતો હતો. આપણે જ્યૉર્જ બાદશાહને ચાહીએ છીએ, કારણ કે તે આપણને ચાહે છે, અને સારી રીતે રાજ્ય કરે છે. રાજા રામ વિશે તમારે બીજી કંઈ ચીજો સાંભળવી છે ?

અહીંઆં આ સારા અને ડાહ્યા રાજાની વાર્તા છે. તમે જાણોછો કે તે દશરથનો દીકરો હતો. તે વખતમાં તમારે હાલ જેવી નીશાળો છે, તેવી નહોતી. વિદ્યાર્થીઓ તેમના શીક્ષકને ઘેર જતા, અને ત્યાં રહેતા. તેઓ તેમના શીક્ષકોની સેવા કરતા અને તેઓ તેમને શીખવતા. રામનો શીક્ષક વશીષ્ઠ હતો. તે ઘણો વિદ્વાન અને પવિત્ર માણસ હતો. તેણે તેને કેમ લખવું અને વાંચવું અને તે શીવાય બીજી ચીજો શીખવી. લોકો ઊપર કેવી રીતે રાજ્ય કરવું તે તે શીખ્યો. શું તે અંગ્રેજી શીખ્યો ? ના. તે સંસ્કૃત શીખ્યો. કારણ કે તે વખતમાં લોકોની ભાષા સંસ્કૃત હતી. તેની રાણી સીતા હતી. તેણી મીથીલા નગરીના જનક રાજાની પુત્રી હતી. રામ તેણીને ઘણો ચહાતો. કારણ કે તેણી ફરજ બજાવવા વાળી સ્ત્રી હતી. અને ઘણી દયાળુ અને ઊમદા સ્ત્રી હતી.

Lesson XX

Cow-કાઊ-ગાય
Horse-હાર્સ-ઘોડો
Useful-યુઝફુલ-ઊપયોગી
Animal-ઍનીમલ-પ્રાણી
To draw-ડ્રા-ખેંચવું
Carriages-કેરેજીસ-ગાડીઓ
Milk-મીલ્ક-દુધ
Than-ધૅન-ના કરતા
To let-લેટ-દેવું
To ride-રાઇડ-સ્વારી કરવી
Food-ફુડ-ખોરાક
Oxen-ઑાકસન-બળદ
To plough-પ્લાઊ-ખેડવું
Fields-ફીલ્ડઝ-ખેતરો
To worship-વરશીપ-પુજાકરવી
To describe-ડીસ્ક્રાઇબ-વર્ણન કરવું
Easily-ઇઝીલી-સહેલાઇથી
Body-બૉડી-શરીર
Horns-હૉર્સ-શીંગડાં
Eyes-આઇઝ-આંખો
Nose-નોઝ-નાક
Feet-ફીટ-પગો
Tail-ટેઇલ-પૂછડું
Hoofs-હુફસ-ખરીઓ
Cloven-કલોવન-ફાટેલી
Grass-ગ્રાસ-ઘાસ
To chew-ચ્યુ-ચાવવું
Cud-કડ-ઘાસ
Shade-સેડ-છાયડો
Domestic-ડુમેસ્ટીક-પાળેલાં
To grayes-ગ્રેઇઝ-ચરવું
Too-ટુ-વળી
To drink-ડ્રીંક-પીવું
Water-વૉટર-પાણી
Hut-હટ-ઝુપડી
Cow shed-કાઊ-શેડ-ગાયને રહેવાની જગા
Early-અર્લી-વહેલી
To milk-મીલ્ક-દોવું
Sister-સીસ્ટર-બહેન
Full-ફુલ-ભરેલા
Milk-made-મીલ્કમેઇડ—[દુધ વેચનારી
Living-લીવીંગ-પોષણ
To keep-કીપ-રાખવું

ઘોડો ઉપયોગી પ્રાણી છે. તે આપણી ગાડીઓ ખેંચે છે. ગાય પણ ઉપયોગી પ્રાણી છે. તે આપણને દુધ આપે છે. કદાચ ઘોડા કરતાં ગાય વધારે ઉપયોગી છે, ઘોડો ફક્ત આપણી ગાડીઓ ખેંચે છે અગર પોતાની પીઠ ઉપર આપણને સ્વારી કરવા દે છે. પણ ગાય ખોરાક સારૂ દુધ આ-પેછે, અને આપણાં ખેતર ખેડવાને બળદ આપે છે. હિંદુ લોકો ગાયને પૂજે છે અને ગૌમાતા કહે છે. તેનું આ કારણ છે. તમે ગાયનું વર્ણન કરી શકશો. ? કદાચ તમે સહેલાઇથી પણ કરી શકો.તેના શરીર શીંગડાં આંખો, નાક અને પૂછડા વીશે કંઇ કહો; તેને કેટલા પગ છે તે તમે જાણો છો ? તમે જાણો છો કે તેને ખરીઓ છે, અને તે પણ ફાટેલી છે. તમે જાણો છો કે તે ઘાસ ખાય છે. અને ઝાડની છાંયા નીચે બેસી વા-ગોળે છે. ઘોડાની માફક ગાય પણ પાળવા લાયક પ્રાણી છે. પણ ખેતરમાં ચરવાનું તેને વીશેષ પસંદ છે. અહિંઆં કોના ઘેર ગાય છે ?

અબદુલે કહ્યું; સાહેબ મારે ઘેર ગાય છે.

શંકરે કહ્યું; સાહેબ, મારે ઘણી ગાયો છે.

શંકર—તમારે પણ છે ? ઠીક ત્યારે, મને તેમના વીશે કંઇક કહો.

હા, સાહેબ, મારા બાપને ઘણી ગાયો છે.

અમે તેને ખાવાને ઘાસ અને પીવાને પાણી આપીએ છીએ તેમના સારૂ ઝુંપડી છે; જેને અમે કોઢ કહીએ છીએ. મારી મા સવારમાં વહેલી ઉઠે છે, અને તે બધીને દુવે છે.

જેવાં વાસણ ભરાય છે, તેવાંજ મારી બેન ઘેર લઇ જાય છે. અમે પછીથી દુધ વેચીએ છીએ મારી બેન કેટલીક વખત વેચવા જાય છે. જ્યારે લોકો તેને જુવે છે, ત્યારે દુધ વેચનારી આવી એમ કહે છે. મારા બાપા તેમનું પોષણ ગાયો રાખીને કરે છે.

Lesson XXI

Garden–ગાર્ડન–વાડી
Full moon–ફુલ મુન–પુનમનો ચંદ્ર.
Clear–ક્લીઅર–ચોકખુ
Roses–રોઝીઝ–ગુલાબ
Jassamine–જૅસમાઇન–ફુલનું નામ
Gave–ગેવ–આપ્યું
Pleament–પ્લેમેન્ટ–ખુશનુમા
Perfum–પર્ફ્યુમ–સુવાસ
Beautiful–બ્યુટીફુલ–સુંદર
Came–કેઇમ–આવ્યો
A Gentleman–એજેન્ટલમૅન–સદગૃહસ્થ
Name–નેઇમ–નામ
Friend–ફ્રેન્ડ–મિત્ર
Good-evening–ગુડઇવનીંગ–સાંજનીસલામ.
Glad–ગ્લેડ–ખુશી
Meantime–મીનટાઇમ–દરમ્યાન
A Servant–સર્વન્ટ–ચાકર
Brought–બ્રોટ–લાવ્યો

Blue–બ્લ્યુ–ભુરૂ
Sky–સ્કાઇ–આકાશ
Blow–બ્લો–વાયો
Gently–જૅન્ટલી–નમ્રતાથી
Chatted–ચૅટડ–વાતોકરી
Saw–સૉ–જોયા
A Story-book–એ સ્ટોરી બુક–વાર્તાની ચોપડી.
Asked–આસ્કડ–પુછ્યું
Paivate–પ્રાઇવેટ–ખાનગી
Proprieter–પ્રોપ્રાઇટર–માલીક
Register–રજીસ્ટર–નોંધબુક
Standard–સ્ટેન્ડર્ડ–ધોરણ
To-begin–ટુ બીગીન–શરૂ કરવું
Museaum–મ્યુઝીયમ–સંગ્રહસ્થાન
A-laboratoay–લૅબોરેટરી
Rich–રીચ–કીંમતી
Planteed–પ્લેન્ટેડ–રોપ્યાં;
Seeds–સીડસ–બીયાં
Rains–રેઇન્સ–વરસાદ

A Chair—ચૅર—ખુરશી
Placed—પ્લેસ્ડ—મૂકી
near—નીઅર—નજીક
Sat—સેટ—બેઠો.

Fell—ફેલ—પડયો
To-attend—ઍટેન્ડ—હાજરી આપવી
Nice—નાઇસ—સુંદર

(1) જયન્ત અને તેના બાપા એક દીવસ વાડીમાં બેઠા હતા ચોકખા ભુરા આકાશમાં પુનમનો ચંદ્રમા પ્રકાશતો હતો. પવન ધીમો વાતો હતો. ગુલાબ અને જેસમાઇન ખુશનુમા સુવાસ આપતાં હતાં. તે સુંદર રાત્રી હતી. જયન્તના બાપાને મળવાને એક સદગૃહસ્થ આવ્યા. તેનું નામ કૃષ્ણલાલ હતું તે નંદશંકરનો મિત્ર હતો કૃષ્ણલાલે કહ્યું "સાંજની સલામ."

સાંજની સલામ, હું તમોને જોઇને ઘણો ખુશી છું તે દરમ્યાન નોકરે ખુરશી આણી અને કૃષ્ણલાલની નજીક મૂકી. તે તેના ઉપર બેઠા પછીથી બે મિત્રોએ કેટલીક વખત વાતો કરી. કૃષ્ણલાલે જયન્તને એક નાની વાર્તાનું પુસ્તક વાંચતો જોયો અને પૂછયું—

જયન્ત, તમે અંગ્રેજી વાંચો છો ? હા સાહેબ હું વાંચું છું. તમે વાંચી શકો છો ? જરીક. તમે નિશાળે જાઓ છો ? હા હું જાઉં છું. તમે કઈ નીશાળે જાઓ છો ? શારદા—સદન તમે કઇ ચોપડી વાંચોછો ? હું બીજી ચોપડી વાંચુંછું. શું તે ખાનગી નિશાળ છે ? હા તે છે. માલેક કોણ છે ? મી. દીક્ષીત. વળી તે અમારા હેડમાસ્તર છે. તમે તેને ચાહો છો ? ઘણાજ. તે ઘણાજ માયાળુ અને નમ્ર છે અને પોતાનાં બાળકોને ચાહે છે. પણ કેટલા છોકરા છે. રજીષ્ટરમાં ચારસો પચાસ છોકરા છે. શું તે હાઇસ્કુલ છે ?

હા, સાહેબ, તેમાં સાતમા ધોરણ સુધી શીખવાડવામાં આવે છે. અમે પહેલા ધોરણથી શરૂ કરીએ છીએ. ત્યારે તમારે એક સુંદર સંગ્રહ-

સ્થાન છે અને વિજ્ઞાનશાળા પણ છે. અમારે મોટી વિજ્ઞાનશાળા અને કિંમતી સંગ્રહસ્થાન છે. ત્યાં એક નાની વાડી છે. જ્યારે પહેલો વરસાદ પડયો ત્યારે અમે કેટલાંક બી વાવ્યાં અને તે અત્યારે ઉગે છે. ખરેખર તમે એક સુંદર સ્કુલમાં જાઓ છો. અમારા વખતમાં નિશાળો આટલી સારી નહોતી.

Lesson XXII

Little—લીટલ—નાના
Teacher—ટીચર—શીક્ષક
Birds—બર્ડઝ—પક્ષીઓ
Nests—નેસ્ટસ—માળા
Workmen—વર્કમેન—મજુરો
To return—રીટર્ન—પાછા ફરવું
To sing—સીંગ—ગાવું
Merrily—મેરીલી—આનંદથી
Hard—હાર્ડ—સખત
Public—પબ્લીક—સાર્વજનીક
Park—પાર્ક—બાગ
Both—બોથ—બેજણ
Game—ગેઇમ—રમત
Pupil—પ્યુપીલ—વિદ્યાર્થી
Questions—ક્વેશ્ચન્સ—સવાલ
Answer—એન્સર—જવાબઆપવા

Yesterday—યસ્ટરડે—ગઇકાલે
To morrow—ટુમૉરો—આવતી „
To think—થીંક—ધારવું
Stopped—સ્ટૉપ્ડ—થોભ્યા
Stood—સ્ટુડ—ઊભા
Knocked—નૉકડ—ઠોકયું
Door—ડોર—બારણું
Rude—રૂડ—જંગલી
Heard—હર્ડ—સાંભળ્યું
Alone—એલોન—એકલા
Sums—સમ્સ—દાખલા
Arithmetic—ઍરીથમેટીક—ગણીત
To help—હેલ્પ—મદદ કરવી
To wait—વેઇટ—રાહ જોવી
To dress—ડ્રેસ—કપડાં પહેરવાં

(1) સાંજનો વખત હતો. સૂર્ય પશ્ચિમમાં આથમતો હતો. પક્ષીઓ તેમના માળામાં ઊડતાં હતાં. મજુરો આખા દીવસના સખત કામ પછીથી ગાતા ગાતા ઘર તરફ આનંદથી પાછા ફરતા હતા. સાર્વજનીક બાગમાં દીનુ અને મનુ નામના બે છોકરા મોટા ઝાડના છાંયા નીચે બેઠા હતા. તેઓ ગાઢા મિત્ર હતા. બન્ને શીક્ષક થવાનું પસંદ કરતા, તેથી તેઓ રમત રમ્યા. તેને તેઓ "નાનો શિક્ષક" કહેતા. દીનુએ કહ્યું. "મનુ આમ આવ, આપણે નાના શિક્ષકની રમત રમીએ. હું શીક્ષક થઇશ. તું મ્હારો વિદ્યાર્થી થજે. હું તને સ્વાલ પૂછીશ. મનુ એ કહ્યું, અને હું તેના જુવાબ આપીશ. ઠીક ત્યારે અત્યારે તમે ક્યાં છો? સાર્વજનીક બાગમાં. ગઇ કાલે તમે અહીં આવ્યા હતા? હા. સાહેબ, હું અહીંઆં ગઇ કાલે આવ્યો હતો. તમો આવતી કાલ આવશો? હું ધારૂં છું કે હું આવીશ. આપણે હવે શું કરીશું. આપણે ઘેર જઇશું રસ્તામાં આપણે રમણને બોલાવીશું. તે આપણી સાથે આવશે, અને તેથી તેઓ ઘેર ગયા. તેઓ રમણના ઘર આગળ અટક્યા. દીનુ પગથીઆ ઊપર ગયો, આંગણામાં ઊભો અને બારણું ખખડાવ્યું. રમણ, રમણ, એ પ્રમાણે તે બોલ્યો નહી. એ પ્રમાણે કરવું તે જંગલી છે. રમણે અવાજ સાંભળ્યો અને પૂછ્યું "કોણ છે" દીનુએ કહ્યું તે હું છું. રમણ આવ્યો, બારણું ઊઘાડયું અને કહ્યું "દીનુ, આમ કેમ, અત્યારે તમે એકલા છો, મનુ ક્યાં છે." દીનુએ કહ્યું "મનુ ત્યાં ઊભો છે. હું મનુ પાસે જાઉં છું. તમે પણ ત્યાં આવશો? આપણે કેટલાક દાખલા ગણીશું. તમો ગણીતમાં સારાછો. તમે અમને ગણીતમાં મદદ

કરશો, અને અમે તમને અંગ્રેજીમાં મદદ કરીશું. અરે હા. હું કરીશ, થોડું થોભો, હું કપડાં પહેરી લઇશ. પછીથી તેઓ મનુને ત્યાં ગયા અને પોતાના પાઠ કર્યા.

Lesson XXIII

Annual—ઍન્યુઅલ—વાર્ષીક
Examination—ઍગ્ઝામીનેશન (પરીક્ષા
Conversation—કૉનવરસેશન—(વાતચીત
Class—ક્લાસ-વર્ગ
Bright—બ્રાઇટ—સુંદર
Happy—હૅપી—સુખી
Peon—પ્યુન—સીપાઇ
Stepped—સ્ટૅપ્ડ-પગલાં ભર્યા
Initials—ઇનીશીયલ્સ—ટુંકી સહી
The writing—રાઇટીંગ—લખાણ
Returned—રીટર્ન્ડ પાછી આપી
To Understand—અન્ડરસ્ટૅન્ડ—(સમજવું
Reply—રીપ્લાઇ—જુવાબ
Same—સેઇમ—તેજ
Next—નેક્સ્ટ—બીજો
To hear—ટુ હીઅર—સાંભળવું
To Please—ટુ પ્લીઝ-મહેર-(બાની કરવી

To Examin—એકઝામીન—પરી-(ક્ષા લેવી
A Corner—કૉર્નર—ખૂણો
Matter—મૅટર—કારણ બાબત
To Pass—પાસ—પસારથવું.
To Fail—ફેઇલ—નાપાસ થવું
To promote—પ્રમોટ—ચઢાવવું
Back—બૅક—પાછા
Idle—આઇડલ—આળસુ
Some—સમ—કેટલાક
Papers—પેપર્સ—કાગળ
Well—વેલ—સારી રીતે
Warning—વૉરનીંગ—ચેતવણી
Bell-બેલ—ઘંટ
Monitor—મૉનીટર—મુખ્યવિદ્યાર્થી
Board—બોર્ડ—પાટીયું
Wrote—રોટ—લખ્યું
Lessons—લેસન્સ—પાઠ

(1) શીક્ષક છોકરાઓને સ્વાલ પૂછતા હતા, અને તેઓ તેનો જુ-
વાબ આપતા હતા.

તે વખતે વાતચીતનો વખત હતો. અને વર્ગ સુંદર અને સુઘડ દે-
ખાતો હતો. દરમ્યાનમાં નીશાળનો પટાવાળો એક ચોપડી હાથમાં લઇને
અંદર આવ્યો.

સ્કુલની વાર્ષીક પરીક્ષા ૧૯૧૩ના ઑક્ટોબરની ૧૫મી તારીખે થશે.

તેણે ચોપડીમાંના લખાણની નીચે તેની સહી કરી અને સીપાઇને
પાછી આપી પછીથી તેણે છોકરાઓને પૂછ્યું: "મેં શું વાંચ્યું તે તમે સમજ્યા

દરેક છોકરા તરફથી એક વખતે જુવાબ મળ્યો. "હા સાહેબ."
અને તે છતાં નજીકના વર્ગે તે સાંભળ્યું નહિં, એક છોકરો બોલ્યો "સાહેબ
હું એક સ્વાલ પૂછું" હા, અમારી અંગ્રેજીની પરીક્ષા કોણ લેશે. એક છો-
કરાએ ખૂણામાંથી પૂછ્યું "સાહેબ પરીક્ષા અઘરી થશે ? તે હું જાણતો
નથી; પણ તમે અઘરા સ્વાલના જુવાબ ન આપી શકો. હા સાહેબ, અમે
આપી શકીએ. ઠીક ત્યારે ભલે સ્વાલ અઘરા કે સહેલા હોય તેમાં કંઇ
મહત્વનું નથી. આપણે આપણું કામ કરીશું. સાહેબ અમારામાંના બધા
ઉપલા વર્ગમાં જશે. જે નાપાસ થશે તેમને ચઢાવવામાં નહી આવે આ-
પણે આળસુ છોકરાઓને પાછા રાખીશું. મેં તમોને આળસુ નહિ થવાને
કહ્યું.

પણ હજુ કેટલાક છોકરાઓ આળસુ છે. જો તેઓ તેમના સ્વાલ
બરોબર નહિ. જુવાબ આપે તો તેમને ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવશે
નહિં ચેતવણીનો ઘંટ વાગ્યો, અને મુખ્ય વિદ્યાર્થી કાળા પાટીઆ તરફ
ગયો અને બીજા દીવસનું લેસન લખ્યુ.

Lesson XXIV

અંગ્રેજીમાં જુવાબ આપો—

(1) આપણને દુધ કોણ આપે છે?

(2) વાડી વાળો શું કરે છે?

(3) પક્ષીઓ શા માટે ઊડે છે?

(4) તમે તમારા પૈસાથી શું કરશો?

(5) રેલ્વે સ્ટેશન કેટલે દુર છે?

(6) ગઇ કાલે તમે શું રમ્યા?

ખાનાં પુરાં કરો.
ઘોડા અને ગાયો ઉપયોગી પ્રાણી છે.
કેટલાંક પ્રાણીને શીંગડાં હોય છે.
ગોવીંદ અને કૃષ્ણ સારા મિત્રો છે.
મારી બ્હેન ગાય દુવે છે.
મારા બાપા આવતી કાલે મુંબાઈ જાય છે.
હું ગઇ કાલે સ્ટેશન ઊપર ગયો હતો.

(3) નીચેના ત્રણ શબ્દોમાંથી ત્રણ વાકયો બનાવો.

મારે સારાં ઘર છે.
ટપાલ શહેરમાં છે.
સૂર્ય સવારમાં પ્રકાશે છે.

(5) Copy—નકલ કરવી.

Vernacular—ગુજરાતી.

એક વખત એક રાજા હતો, તેનું નામ જનક હતું. તેને આજ્ઞાધારીણી સ્ત્રી હતી પણ છોકરાં હતાં નહી. તેણે પ્રભુની પુજા કરી, અને પ્રભુએ એક વિચીત્ર રીતે તેને એક સુંદર નાની છોડી આપી.

એક વખત એક માણસ તેની કચેરીમાં આવ્યો અને તેની આગળ એક પેટી મુકી. જ્યારે તેમણે પેટી ઉઘાડી ત્યારે, અહા ! તેમાં એક બાળા હતી. તેણી કોણ હતી ?

નોંધ—

અંગ્રેજીમાં પહેલી, બીજી એ. બી. સી. ડી. છાપવામાં વપરાય છે. ત્રીજી, ચોથી લખવામાં વપરાય છે. લખવામાં: દરેક શબ્દનો પહેલો અક્ષર અને દરેક વાક્યના પહેલા શબ્દનો પહેલો અક્ષર ત્રીજીનો લખાય છે. ઍ, ઍન, અને ધી એ ત્રણ આર્ટીકલ છે. જો સામાન્યનો પહેલો અક્ષર વ્યંજન હોય તો તેની સાથે એ. આવે છે. સ્વર હોય તો ઍન આવે છે. જ્યારે કોઇ ચીજ મુકરર બતાવવી હોય તો ધી. આવે છે. દરેક વિશેષ નામનો પહેલો અક્ષર પરમેશ્વરનો પહેલો અક્ષર, વાર અને મહીનાનાં નામ, કવિતાની પહેલી લીટીનો પહેલો અક્ષર, વીગેરે મોટા અક્ષરમાં લખવા. આ બુકમાં ક્રિયાપદને જ્યાં ed પ્રત્યય લાગ્યો છે ત્યાં ભુતકાળ સમજવો. સામાન્ય રીતે બહુવચનનો પ્રત્યય S છે. નામની સાથે વિશેષણ આવે તો નામ બાજુપર રાખી, વીશેષણનેજ ઉપલો નિયમ લાગુ પાડી તેની આગળ આર્ટીકલ લગાડવા.

વન.	ટુ.	થ્રી.	ફોર.	ફાઇવ.	સીક્સ.	સૅવન.	ઍટ.	નાઇન.	ટૅન
1.	2	3	4.	5.	6.	7.	8.	9.	10.

ટ્વૅન્ટી.	થર્ટી.	ફૉર્ટી.	ફીફ્ટી.	સીક્સ્ટી.	સૅવન્ટી.	એઇટી.
20	30	40	50	60	70	80

નાઇન્ટી.	હન્ડ્રેડ.	થાઉઝન્ડ.
90	100	1000

દશ, વીશ, ત્રીશ, વીગેરે દશકા પછી વન, ટુ, થ્રી, વીગેરે ઉમેરી નવા આંકડા બનાવવા.

Grammar–ગ્રામર–વ્યાકરણ.

(1) માણસ, ચીજ અને જગા બતાવનાર વ્યાકરણના ભાગને "નામ" Noun કહે છે. જેમકે,— A man, A Book, A Place,

(૨) નામના ગુણ અગર સંખ્યા બતાવનાર શબ્દને વિશેષણ કહેછે. જેમકે–Good, Black, One, Fine વીશેષણ, ઍડજેક્ટીવ Adjective સર્વનામ, પ્રોનાઉન Pronoun નામને બદલે સર્વનામ વપરાય છે. જેમકે–He She It વીગેરે.
જે શબ્દમાં કંઇ ફેરફાર ન થતાં હમેશાં એકજ રૂપે રહે છે તેને અવ્યય કહે છે. જેમકે– In. It. To. From.
અવ્યય, પ્રેપોઝીશના Preposition ક્રિયા અથવા સ્થિતિ બતાવનારને ક્રિયાપદ કહે છે. A verb ક્રિયાપદ. જેમકે— To go. To do To Work.

તા. ક.—વ્યાકરણના બીજા ભાગોના નિયમ વીશે સંપૂર્ણ માહીતી શીક્ષક પાસેથી મેળવવી.

